उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत

"જાગો, ઉઠો, વિરમો નહિ,
સાધ્યો આશય ના જ્યાં સુધી"

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતનું

(રજી.નં. : A / 3352 / Ahmedabad)

## મુખપત્ર

**તંત્રી મંડળ**
ભરત એસ. શુક્લ
ધ્રુવ જે. શુક્લ
દક્ષેશ એસ. પુરોહિત
યોગેશ કે. શુક્લ
પ્રવીણ પુરોહિત

જાન્યુઆરી - ૨૦૧૮

श्री महालक्ष्म्यै नमः



श्री महालक्ष्मी प्रसन्नाऽस्तु

**શ્રી મહાલક્ષ્મી તીર્થધામ, શહેરા**


**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
ઈ-૧૦, આયોજન નગર, શ્રેયસ ક્રોસિંગ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૯૮૨૪૪૦૬૩૮૧

**મંત્રીશ્રી કૌશિક એચ. પાઠક**
૧/૧, ઉદય ફ્લેટ્સ, શાંતિવન પાસે,
પાલડી, અમદાવાદ. મો. ૯૮૨૫૭૮૮૧૮૮

**મંત્રીશ્રી જયંત જી. જોષી**
૪૧૫/૨, સેકટર-૩બી, ગાંધીનગર.
મો. ૯૬૦૧૯૯૫૫૬૭

**તંત્રીશ્રી**
જીજ્ઞેશ બી. પંડિત
મો. ૯૦૯૯૦૨૯૦૭૯

**સંપાદકશ્રી**
હસિત એચ. પાઠક - મો. ૯૮૨૫૨૭૭૪૪૦
વિપુલભાઈ વી. દવે - મો. ૯૪૨૬૦૪૭૨૪૮

# પ્રમુખશ્રીની કલમે



આદરણીય જ્ઞાતિબંધુઓ, ભગિનીઓ, વડિલો, મુરબ્બીઓ, મિત્રો, સર્વેને સસ્નેહ જય ભગવાન, નમસ્કાર.

દીપોત્સવી અંકમાં સર્વેને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી જ છે. અંગ્રેજી વર્ષ જાન્યુઆરી ૨૦૧૮ આપના જીવનમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ અર્પે તેવી આદ્યશક્તિ કુળદેવી મહાલક્ષ્મીજીના શ્રી ચરણોમાં પ્રાર્થના.

આપને જણાવતાં પુનઃ આનંદ થાય છે કે વડિલોના આશીર્વાદ, આપ સૌની શુભકામનાઓ અને 'મા'ની કૃપાથી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતની સ્થાપનાથી માંડી આજદિન સુધી જે કામ કોઈનાથી ન થયું તે આપણે છ જ મહિનાના ટૂંકા ગાળામાં કરી શક્યા. કાયમી ધોરણે એક રૂપિયાના ટોકન ભાડાથી આપણને સમાજની ઑફિસ પ્રાપ્ત થઈ ગઈ છે. પ્રહ્લાદનગર, આનંદનગર જેવા પોશ વિસ્તારમાં રૂ. ૩૫ થી ૪૦ લાખ જેવી રકમની વિશાળ, સુખ સગવડવાળી ઑફિસના દાનવીર શ્રીબંધુ મિહીરભાઈ પંડ્યા સાથે કરાર થઈ ગયા અને તેમાં બેસવાનું પણ ધનતેરસથી શરૂ થઈ ગયું છે.

હું સંગઠનનો માણસ હોઈ સમાજ સંગઠિત થાય તે માટે બધે જ પ્રવાસ કરું છું. સૌને સમજાવી આપણા ઉત્સવો, કાર્યક્રમો, સમૂહ જનોઈ, સમૂહલગ્ન, જીવનસાથી પસંદગી મેળો વગેરે સાથે કરીએ જેથી બધાં વિસ્તારના લોકોને લાભ મળે અને નજીક-નજીકમાં થાય તો બધાંને વધારાનો ખર્ચ ન કરવો પડે માટે સૌ સાથે મળી કાર્યક્રમો કરીએ. આ માટે મેં મધવાસ, લુણાવાડા, શહેરા, વડોદરા, બોરસદ, કાંકણપુર એમ અનેક સ્થળે પ્રવાસ કર્યો છે. બોરસદ શ્રીગૌડ સાડત્રીસ પક્ષના ઈનામ વિતરણ (અહેવાલ જુદો સામેલ છે) કાર્યક્રમમાં પણ આ જ વાત કરી છે. હજુ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનો પ્રવાસ બાકી છે.

યુવાધન થનગની રહ્યું છે આશરે ૫૦ થી ૫૨ જેટલા ક્રિકેટપ્રેમીઓ (૧૮ થી ૩૪) અને (૩૫ થી ૬૫ ઉંમરના) સૌ ક્રિકેટનો લાભ લઈ રહ્યા છે. અમદાવાદ, વડોદરા, પંચમહાલ, ખેડા સૌ જિલ્લાને આમાં જોતરી સુંદર મેચોનું આયોજન કરવાનું યુવાનોને ઉપાડી લીધું છે. આ વખતે ત્રણે કન્વીનરો શ્રી દીગીશ દવે, ડૉ. અલ્પેશ ઉપાધ્યાય, શ્રી નિરવ પી. દવેએ આ જવાબદારી ઉપાડી લીધી હતી અને તેઓ આવાજ બીજા કાર્યક્રમો, સ્કીલ ડેવલપમેન્ટ, તબીબી સહાય, મેડિકલ કેમ્પ, રક્તદાન શિબિર અન્ય રમતો વગેરેમાં સાથ સહકાર આપવાની ખાત્રી આપી છે. આવી જ રીતે કન્વીનરશ્રી કુમુદચંદ્ર દવે અને શ્રી દક્ષેશ પુરોહિતે પણ આખીય પ્રવૃત્તિને હિંમતપૂર્વક નિભાવી સુંદર ક્રિકેટમેચનો કાર્યક્રમ, કારોબારી મીટિંગ, પરિવાર સાથે સૌએ હાથીજણ, અમદાવાદ ખાતે નિહાળી (અહેવાલ અલગથી ફોટા સાથે સામેલ છે.).

હવે મહિલા પાંખને જાગૃત કરી તેઓની સુખ-શાંતિ મળે તેવી રચનાત્મક પ્રવૃત્તિઓ કરવાની છે જેવી કે કુદરતી આહાર, મહેંદી, કેશ ગુંફન, રંગોળી હરિફાઈ . વિવિધ ફંડોને વિકસાવી એજ્યુકેશન, મેડિકલ રાહત, સાંસ્કૃતિક, આધુનિક, વૈજ્ઞાનિક ઉપકરણોનો લાભ લઈ શકાય તેવી પ્રવૃત્તિઓ કરવી છે.

આ વખતે આપણે શ્રી ગૌરવ પુરસ્કાર અંક અને જાગૃતિના અંકોને પી.ડી.એફ. દ્વારા પણ રજૂ કર્યા હતા. આપણી વેબસાઈટમાં પણ તેને મૂકવું છું. આમ અનેકવિધ પ્રવૃત્તિઓ કરી સમાજને જાગૃત અને જીવંત રાખી સૌની સુખાકારી થાય તેવા અમારા પ્રયત્નો છે. વડીલોએ જે ભાથુ આપ્યું છે તેમાં ઉમેરો કરી જુદા જુદા

ફંડ ભેગા કરી, અનેકવિધ જીવંત પ્રવૃત્તિઓ કરવી છે. આપ સૌનો સાથ સહકાર અને ઉદાર સખાવત હશે તો આપણે જરૂર આપણા ધ્યેયોને હાંસલ કરવા શક્તિમાન બનીશું. સંગઠન દ્વારા લોકોમાં શ્રદ્ધા, વિશ્વાસ ઉભો કરી જેમ શ્રી ગૌરવ પુરસ્કારની પ્રવૃત્તિ દ્વારા **પાંચ લાખ એંસી હજાર રૂપિયા** ભેગા કરી શક્યા અને તેમાંથી જ બધો ખર્ચો કર્યા પછી **સમાજને અઢી લાખ રૂપિયા** જેવી રકમ મળી તથા ૧૦૦ જેટલા નવા આજીવન સભ્યો થયા. આમ જ શુભ પ્રવૃત્તિઓ થશે તો જરૂરિયાત મંદ લોકોને લાભ પણ આપી શકીશું. આપણે પાંચેક કન્યાઓનું દાન કરવું છે. એ માટે એવું કુટુંબ જરૂરથી આગળ આવે તેમની મુશ્કેલીઓ કહે તો તેઓને મદદરૂપ થવા પ્રયત્ન કરીશું. અન્ય સહાયકોને મેડીકલ, શૈક્ષણિક સુવિધાઓ અન્ય મદદ પણ કરવી છે અને કરી રહ્યા છીએ.

સમાજમાં ઘણા જ એવા દિલદાર વ્યક્તિઓ છે જે મદદ કરવા તૈયાર છે પણ આપણે તેઓનો સંપર્ક કરી શક્તા નથી. **योजकस्तत्र दुर्लभ :** એ ન્યાયે યોજનાઓ બનાવી, સૌ મિત્રોને સાથે રાખી કામ કરીએ તો જરૂરથી ઉદારદિલવાળા આપણને સર્વ રીતે સહાય કરશે અને આપણે તે સહાયને નાનામાં નાની વ્યક્તિ સુધી પહોંચાડી શકીશું. પુનઃ સર્વને ધન્યવાદ - અભિનંદન. આભાર. (આપનાં સૂચનો, પ્રતિભાવો ફોન, પત્ર દ્વારા પાઠવશો.)

સહકારની આશા સાથે ....

આપનો
**પ્રિ. ડૉ. બંસીધર ઉપાધ્યાય**
પ્રમુખ, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત, અમદાવાદ

---

## શ્રી જૂના શ્રીગૌડ બ્રહ્મ સમાજ કાલોલ (૧૩૫ ડેરોલ પક્ષ) ધ્વારા સમાજ ના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ સમારંભ યોજાઈ ગયો.

કાલોલ સિધ્ધનાથ મહાદેવ ના પટાંગણમાં તા. ૨૨-૧૦-૧૭ ને રવિવાર ના રોજ પ્રમુખ **શ્રી અરવિંદભાઈ જોષી** ના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવ્યું જ્ઞાતિના **શ્રી દીપકભાઈ એસ.પંડ્યા** તથા **શ્રી નરહરીભાઈ પાઠક** ને મુખ્ય મહેમાન તરીકે અને કાલોલ બ્રહ્મ સમાજના **પ્રમુખશ્રી ભીખુભાઈ ઉપાધ્યાય, વિધોતેજક મંડળ ના અંકુરભાઈ એચ. ઉપાધ્યાય** હતા. આપણા સમાજના બાળકોને સારુ શિક્ષણ મળે અને તેમને પ્રોત્સાહિત કરીએ એવા ઉમદા હેતુથી ઈનામ વિતરણ કાર્યક્રમ રાખેલ હતો. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહીને શોભાયમાન કર્યો હતો.

ધોરણ ૧થી૧૨ અને કોલેજોના બી.એ. બીકોમ. કોમ્પ્યુટર ડીગ્રી, એન્જીનીયરીંગ ડીગ્રી પ્રાપ્ત કરેલ બાળકોને તથા અંગ્રેજી માધ્યમ માં ભણતા બાળકોને પણ ઈનામ આપવામાં આવ્યા હતા.


ધો.૧૨ માં શ્રી **શશાંક દિવ્યેશકુમાર જોષી** ને CBSC માં ૯૩% માર્કસ મેળવીને તેઓએ મદ્રાસ ખાતે આઈ.આઈ.ટીમાં એડમિશન મેળવીને જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.

ધો. ૮ માં જીલ્લા કક્ષાએ **જીજ્ઞેશકુમાર હિમાંશુભાઈ જોષી** ને તિરંદાજી માં પ્રથમ આવીને સરકાર દ્વારા તેમને સાણંદ(અમદાવાદ) ખાતે સરકાર દ્વારા ફ્રી શિક્ષણ પ્રાપ્ત કરવા નો લાભ મળેલ છે. તેમજ જ્ઞાતિના **જોષી અલકાબેન પ્રજ્ઞેશકુમાર** ને તાલુકા શ્રેષ્ઠ શિક્ષક તરીકે તેઓને એવોર્ડ મળેલ હતો. જે આ સમાજના આ કાર્યક્રમમાં તેઓનું પણ સાલ ઓઢાડી શિલ્ડ અને અભિનંદન પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમના **મુખ્ય મહેમાન દિપકભાઈ એસ. પંડ્યા** દ્વારા તમામ જ્ઞાતિજનોને **તેમના પત્ની સ્વ. શ્રી મિનાબેન ના સ્મર્ણાર્થે** સાંજના ભોજન સમારંભના દાતા બનેલા હતા.

આમ સૌ જ્ઞાતિજનોને નવાવર્ષની શુભેચ્છાઓ આપી અને સૌને નૂતન વર્ષ યશસ્વી, ફળદાયી, લાભદાયી નિવડે તેવી શુભકામના આપી. આ કાર્યક્રમ માં જ્ઞાતીના કાલોલ, ડેરોલ, ગોધરા, વેજલપુર, વડોદરા વગેરે જગ્યાએથી મોટી સંખ્યામાં હાજર રહી સમાજ નું ગૌરવ વધાર્યું છે.

## શ્રી કુમુદચંદ્ર અંબાલાલ દવે પરિચય



સમયની એરણ ઉપર પળપળનો મહિમા અનેરો છે, જે ક્યારેક માનવીને ન ગમતું કરવાનું અનિવાર્ય બનાવે છે. આવું જ મેં અનુભવ્યું. જ્યારે મારા શ્રી બંધુ સ્નેહી શ્રી કિરણભાઈ દવે-ખજાનચીનો ફોન આવ્યો... કહ્યું કે નવતર પ્રયોગના પ્રારંભમાં આપણા મુખપત્ર "શ્રીગૌડ જાગૃતિ"માં આપનો પરિચય પ્રકાશિત કરવાનો હોઈ, આપ મોકલી આપો. કંઈક ના...હા...ના... અને અંતે સંમતિ. આનાકાનીનું કારણ એ જ કે સ્વ પરિચય એટલે આત્મપ્રશસ્તિ જેમાં આપણે મહદઅંશે ન્યાય આપી શક્તા નથી. આ નરી આત્મશ્લાઘા છે. એમ મારું માનવું જે મારા સ્વભાવતી વિપરીત છે. છતાં તે ભય વહોરીને અલ્પ પ્રયત્ન કરું છું.

જન્મ તા.૧૧-૦૩-૧૯૪૬, સ્થળ હિંમતનગર, વર્તમાનમાં અરવલ્લી જિલ્લાનું મુખ્ય મથક. પિતાશ્રી અંબાલાલ પિતામ્બરદાસ દવે તથા માતૃશ્રી મૂળીબેન ભૂલેશ્વર શુક્લનું સૌથી નાનું સંતાન, કેળવણી સંસ્કારીતા સભર અને ઉત્તરોત્તર સમૃદ્ધ થતી રહી. માતાપિતાનું ગામ કાંકણપુર પરંતુ સ્વર્ગસ્થ પિતાશ્રીની નોકરી, રેન્જર તરીકે ઈડર સ્ટેટમાં હતી. નોકરી દરમ્યાન તે વિસ્તારના તત્કાલિન ખૂંખાર ડાકુ બાબરદેવ સાથે એક અથડામણ, પરંતુ પરિણામ ડાકુનું પિતાશ્રી તરફથી માન અઢળક બાપજી ના નામે આદર કરતા. પિતાશ્રી નિવૃત્તિ બાદ કાંકણફુર સ્થાઈ થયા. આમ મારું શૈષવ, બાળપણ તથા માધ્યમિક શિક્ષણ સુધીનો સમય કાંકણપુર ખાતે અને કૉલેજ શિક્ષણ શેઠ પી.ટી.આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ ગોધરા વર્ષ ૧૯૬૨-૬૩ સમગ્રશૈક્ષણિક કારકીર્દિ ધ્યાનાકર્ષક રહી જેથી નામાંકિત શ્રેષ્ઠીઓ દ્વારા શિષ્યવૃત્તિ મળતી જ રહી. રમતમાં પણ રૂચિ વોલીબોલમાં જિલ્લા સ્તરે તથા ક્રિકેટમાં આંતર કૉલેજ સ્પર્ધામાં પસંદગી થતી. વળી ૧૯૬૨ના ચિની આક્રમણ સમયે કૉલેજ શિક્ષણ દરમ્યાન બે મહિના સુધી દર શનિવારે ગોધરા રેલ્વે સ્ટેશન આળતા જતા મુસાફરોનાં પગરખાં ને પોલિસ કરી થતી આવક કૉલેજના સૈનિક ભંડોળમાં જમા કરાવતા. દરમ્યાન ભારતીય સ્ટેટ બેંકમાં નિયુક્તિ મળતાં બાકીનું શિક્ષણ વ્યવસાય સાથે એક્સ્ટર્નલ કર્યું. સાહિત્યમાં પણ યત્કિચિંત યોગદાન, ફળ સ્વરૂપ પ્રતિષ્ઠિત શાયર સ્વ. અંબાલાલ ડાયર દ્વારા એક ગઝેલ પુરસ્કૃત વળી બેંકની નોકરી દરમ્યાન સમગ્ર કારકીર્દિ યશસ્વી રહી. પરિણામે સમયાંતરે બઢતી મળતી જ રહી. નોકરીની સફળ ખાટી મીઠી રહી. કેટલીક વિષમ પરિસ્થિતીનો સામનો કરવો પડ્યો. પરંતુ પ્રભુકૃપાથી નિર્વિઘ્ન રહી અને શ્રેયસ્કર થતી જ રહી. શ્રેષ્ઠ કામગીરી ધ્યાનમાં લેતાં, ૨૦૦૬માં ગોધરા શાખામાંથી નિવૃત્ત થયા બાદ પણ બેન્કમાં ચેનલ મેનેજમેન્ટ એડવાઈઝર તરીકે પુનઃ કોન્ટ્રાક્ટ બેઝથી નિયુક્તિ જે વયમર્યાદાને કારણે ત્રણ વર્ષ રહી અને સમગ્ર પંચમહાલ જિલ્લાની તમામ શાખાઓ કાર્યક્ષેત્રમાં રહી.

પારિવારિક જીવન વિષે કહું તો શહેરના વતની સ્વ. કમળાબેન અને સ્વ. ધનસુખરામ પાઠક જે લુણાવાડા સ્થાઈ થયા હતા તેમની પુત્રીરત્ન પ્રફુલ્લા સાથે દામ્પત્ય જીવનનો તા.૨૮-૦૪-૧૯૬૮ થી પ્રારંભ. સાંસારિક જીવન સુખ શાંતિ અને સંતોષ પ્રદ રહ્યું છે. શ્રેય પત્નીને ફાળે જ જાય અને ધન્યતા અનુભવાય છે. મારા જીવનમાં પણ એક મેઘાવી પુત્ર ચિ. દિગીશકુમાર તથા બે દેદીપ્યમાન પુત્રીઓ નામે શીતલબેન તથા દર્શીતાબેનનું પ્રભુકૃપાએ આગમન હાલમાં સર્વ સ્વગૃહે સુખી અને ગૌરવપ્રદ જીવી રહ્યાં છે. જે

આત્મસંતોષની વાત છે.

અન્ય ઉલ્લેખનીય પ્રવૃત્તિઓમાં લાયન્સ કલબ ૩૨૩-બી ડીસ્ટ્રીક્ટમાં બેસ્ટ સેક્રેટરી પદક પ્રાપ્ત. સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાના યુનિયનમાં પણ સેવા વર્તમાનમાં (૧) ભારતીય સ્ટેટ બેંક, પેન્સર્નર્સ ગ્રુપ (ઈસનપુર, ઘોડાસર, મણિનગર) (૨) સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત અને (૩) સમસ્ત બ્રહ્મ સમાજ, અમદાવાદ શહેર વિભાગ-૧૫ આમ ત્રણેય સંસ્થાઓમાં ઉપપ્રમુખ તરીકે માનદ સેવા

અંતમાં પ્રાર્થના એવમ્ અભ્યર્થના કે ચાલો આપણે સમસ્ત 'શ્રી'બંધુ પેલી ઉક્તિ ખોટી ઠરાવીએ કે ''બ્રાહ્મણો એક થઈ શક્તા નથી'' કે ''આંખમાં ઝેર હોય છે'' વગેરે સંઘ ભાવનાથી સદાય સમર્પિત થઈ અદ્ભુત સંઘ શક્તિનું (પાટીદાર, વણિક, જૈન સમાજ) દ્દષ્ટાંત પ્રસ્થાપિત કરીએ અને સુવર્ણ અક્ષરે કાયમી રીતે અંકાય તે માટે પ્રયત્નશીલ રહીએ. મહાલક્ષ્મી માતાજી મારી અભ્યર્થના પૂર્ણ કરે તેવી પ્રાર્થના. અસ્તુ.

જય મહાલક્ષ્મી માતા... જય શ્રીગૌડ...

---

## સમાચાર સંચય

(૧) મૂળ વતન કોઠંબાના, અમદાવાદ નિવાસી એડવોકેટ-નોટરી શ્રી વિજયભાઈ નંદુપ્રસાદ ઉપાધ્યાય (પ્રમુખ શ્રી પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાયના લઘુબંધુ), તા.૨૨-૧૨-૨૦૧૭ના રોજ યોજાયેલી અમદાવાદ બાર એસોસિએશનની રસાકસીભરી ચૂંટણીમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે જંગી બહુમતીથી વિજયી થયા છે. અભિનંદન.



(૨) નારેશ્વર, નર્મદા કિનારે તા.૧૮-૦૨-૨૦૧૮ના રોજ સમૂહ જનોઈનું નિઃશુલ્ક આયોજન શ્રી અવધૂત નિવાસ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે શ્રી યોગેશભાઈ વ્યાસ - ૯૮૨૪૦૪૩૪૪૧, શ્રી નયનભાઈ વ્યાસ - ૯૮૨૫૩૧૮૦૫૬, શ્રી અવધૂત નિવાસ કાર્યાલય - ૦૨૬૬૬-૨૫૩૨૯૩ પર સંપર્ક કરશો.

(૩) દિનેશકુમાર હરિપ્રસાદ પાઠક, લુણાવાડાવાળા, સીનીયર જર્નાલીસ્ટ તરીકે પ્રિન્ટ મિડિયામાં ઉચ્ચ સ્થાન પામ્યા છે. અભિનંદન.

(૪) શ્રીગૌડ પ્રવાળીયા પ્રકાશ મંડળ, અમદાવાદ દ્વારા તા.૨૨/૧૦/ ૨૦૧૭ ના રોજ સ્નેહમિલન સમારંભ ઉજવવામાં આવેલ હતો. આ સમારંભમાં બાળકો દ્વારા સંસ્કૃતિક કાર્યક્રમ ભજવવામાં આવેલ, તેજસ્વી વિદ્યાથીઓ ને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ અને ૬૦ વર્ષ પૂર્ણ કર્યો હોય તેવા વડિલો ને મોમેન્ટો આપવામાં આવેલ હતા. તેમ જ સંપર્ક સેતુ ૨૦૧૭ ટેલિફોન ડિરેકટરીનુ વિમોચન શ્રી વિપુલભાઈ રશ્મિકાન્તભાઈ જોષી ના વરદ હસ્તે કરવામાં આવેલ હતું.

(૫) ઉપપ્રમુખશ્રી કુમુદચંદ્ર અંબાલાલ દવે દ્વારા જાગૃતિ નિભાવ ફંડમાં રૂ. ૫૦૦૦ નું દાન મળેલ છે. ધન્યવાદ.

---

**જાગૃતિ નિભાવફંડમાં જેઓ રૂ. ૫૦૦૦/- કે તેથી વધુ આપે છે તેઓનો વિશેષ પરિચય છાપીએ છીએ, તો એ માટે સૌ આગળ આવે અને ઉદાર હાથે ફાળો આપો.**

# સત્સંગનું ફળ

ઉત્સવ પ્રિયાઃ જનાઃ... ભારત વર્ષ અનેક પ્રકારના ઉત્સવો અને પર્વો ઉજવે છે. આપણી ગરવી ગુજરાતની ગરીમા સમા નવરાત્રી પર્વને રંગેચંગે માણીયે છીએ. એથીય વિશેષ નવી નવી ભાવનાઓ, લાગણીઓ ઉર્મિઓ તથા અપેક્ષાઓ સાથે દીપોત્સવી પર્વને ઉજવીએ છીએ. માનવ એકધાર્યા જીવનથી કંટાળી નતૂનને શોધે છે. તથા આત્મકલ્યાણાર્થે સાધુ સંગ કરે છે. ગુરુજનો, મહાજનો, સંતો વિ.નો સંગ કરે છે. સથા સત્સંગ કરે છે, આથી દેવોને પણ ઘણીવાર ઈર્ષ્યા થાય છે.

એકવાર દેવર્ષિ નારદ તો ભગવાન પાસે પહોંચી પણ ગયા અને 'નારાયણ-નારાયણ' કરતા પ્રભુને સાદર પ્રણામ કરી પૂછી બેઠા કે પ્રભુ મનમાં ઘણા વખતથી એક પ્રશ્ન સતાવ્યા કરે છે કે આ પૃથ્વીલોકના માનવીઓ રોજ ભેગા થઈને સત્સંગ કરે છે તેનો શો અર્થ ? તેનાથી શું થાય ? સત્સંગનું શું ફળ ? નારદના પ્રશ્ને ભગવાન વિષ્ણુએ સ્મિત કરી લક્ષ્મીજી સામે સૂચક દૃષ્ટિ કરી નારદને કહ્યું દેવર્ષિ તમે આ પ્રશ્ન કરો છો ? ખેર ! હું તમને આનો જવાબ આપીશ પણ તમારે એક કામ કરવું પડશે. નારદે હા પાડી, ભગવાને કહ્યું કે તમો પૃથ્વી પર કાશીનગરીમાં જાઓ ત્યાં પૂર્વ દિશામાં એક વટવૃક્ષ આવશે તેની પાસે એક ઉકરડો હશે ત્યાં એક કીડો હશે તેને આ પ્રશ્ન પૂછજો જવાબ મળશે. નારદ સ્વેચ્છાચારી ગમન કરનાર હોવાથી તુરત જ તે સ્થાને ઉપડ્યા. ઉકરડો શોધ્યો ત્યાં કીડો જોયો અને પ્રશ્ન પૂછ્યો કે, હે કીડા સત્સંગથી શું થાય ? નારદના પ્રશ્ન સાથે કીડો ટળવળતો મૃત્યું પામ્યો. નારદ ગભરાયા. એક જીવની હિંસાનો દોષ માથે લાગ્યો તે દોડ્યા પ્રભુ પાસે પહોંચી કહ્યું પ્રભુ એક નિર્દોષ જીવ હણાયો આ શું ? પ્રભુએ કહ્યું નારદ તમે કશું કર્યું તો નથી ને ? ના ના પ્રભુ નારદે ગદ્ ગદ કંઠ કહ્યું, પ્રભુએ કહ્યું નારદ રસ્તામાં જે વટવૃક્ષ આવ્યું ત્યાં એક કાચંડો હશે તેને પ્રશ્ન પૂછજો જવાબ મળશે. નારદે કહ્યું પ્રભુ કશું થશે તો નહીંને ? પ્રભુએ કહ્યું તમે જાઓ તો ખરા ! ફરી નારદે કાચંડાને શોધી કાઢી પ્રશ્ન પૂછ્યો, હે ! કાચંડા સત્સંગથી શું થાય ? નારદના પ્રશ્ને કાચંડો વૃક્ષ પરથી નીચો પડ્યો અને મૃત્યુ પામ્યો. નારદ તો પ્રભુના ચરણોમાં જઈ પડ્યા કહ્યું પ્રભુ આ શું ? બે જીવની હિંસા થઈ મારે જવાબ જોઈતો નથી. પ્રભુએ કહ્યું નારદ ગભરાઓ નહીં. હજુ પૃથ્વીલોકમાં કાશી નગરીમાં પૂર્વ દિશામાં એક બ્રાહ્મણના બારણે પાંજરામાં રહેલો પોપટ તમને જવાબ આપશે. નારદ પ્રભુના આદેશથી ત્યાં ગયા. પોપટને શોધી કાઢ્યો ગભરાતા હૃદયે નિર્દોષ પંખીને નિહાળી દયા આવી અને પ્રભુના કહેવાથી પ્રાર્થના કરી પોપટને પૂછ્યું કે હે શુક ! મારો પ્રશ્ન છે કે સત્સંગથી શું થાય ? નારદના પ્રશ્ન સાથે જ પોપટે પાંખો ફફડાવી ટળવળાટ કરી જીવ કાઢી નાંખ્યો નારદ ખિન્ન થઈ ગયા. પ્રભુ પાસે પહોંચી બોલ્યા હે પ્રભુ ! મારે કોઈ જવાબ જોઈતો નથી, આ શું ? ત્રણ ત્રણ નિર્દોષ જીવની હિંસા નારદની આવી સ્થિતિ જોઈ પ્રભુએ કહ્યું નારદ બસ હવે છેલ્લી વાર એક પ્રયત્ન કરી જુઓ, ચોક્કસ જવાબ મળશે. હવે ફરી નહીં જવું પડે કે હિંસા પણ નહિ થાય હમણાં કાશીનરેશને ત્યાં એક બાળક જન્મ્યું છે તેને પૂછવાથી જવાબ જરૂર મળશે. નારદ ગભરાયા કહ્યું પ્રભુ પેલા ત્રણ જીવ મરી ગયા તે તો કોઈને ન જાણ્યું પણ આ તો રાજા અને તેમને ત્યાં નવું જન્મેલું તેમનું બાળક. પ્રભુ મારે મરવું નથી. પ્રભુએ કહ્યું, ના, ના નારદ ગભરાશો નહીં જરૂર જવાબ મળશે. જાઓ તમે, નારદ પહોંચ્યા ગભરાતાં ગભરાતાં બ્રાહ્મણના વેશે રાજા પાસે જઈને કહ્યું, હે કાશી નરેશ ! મારે આપના બાળક સાથે વાત કરવી છે. રાજા તો આશ્ચર્યમગ્ન થઈ બોલ્યા હે બ્રાહ્મણ શરમ છે ! કંઈ

ખ્યાલ આવે છે. જૂઓ મારી સામે ઉભેલી સ્ત્રી, જેણે રાણીવાસમાં બાળક જન્મ્યો છે તેની ખુશાલીમાં સમાચાર હજુ હમણાં જ આપ્યા છે જો તેને હજુ ઈનામ પણ મેં આપ્યું નથી અને તમે એ બાળક સાથે વાત કરવા માંગો છો ? પણ વિદ્વાન રાજાએ વિચાર કર્યો જરૂર આ બ્રાહ્મણ કોઈ મહાન હોવો જોઈએ, કેમ કે મારે ત્યાં બાળક જનમ્યું છે તે આ બ્રાહ્મણને ક્યાંથી ખબર પડે. પછી તેમણે કહ્યું ભલે, મહારાજ તમે ઘડીક બેસો. રાણીવાસમાં આદેશ આપ્યો. મહારાણી બાળકને લઈને દરબારમાં આવી. બાળક ખોળામાં, બધાની નજર નારદ ઉપર. નારદ ગભરાયા ! ધડકતે હૃદયે પ્રભુને અંતિમ પ્રાર્થના કરી હે ! પ્રભુ લાજ રાખજે છેવટે આ દરબારમાંથી હેમખેમ બહાર કાઢજે, બાકી રાજા-વાજા ને વાંદરા શું નહીં કરે ? હૃદયમાં હરિસ્મરણ કરી બાળકને પ્રશ્ન પૂછ્યો ભો ! શિશુ ! ઈતિ મે પ્રશ્નઃ સત્સંગથી શું થાય ? અવાજ થતાની સાથે બાળકે અટ્ટહાસ્ય કર્યું. નારદને સહેજ આશ્વાસન મળ્યું કે ચાલો ટળવળાટ તો નથી થયો. નારદે કહ્યું હે બાળક તારા અટ્ટહાસ્યથી જવાબ મળતો નથી તું જવાબ આપ કે સત્સંગથી શું થાય. ત્યાંજ બધાના આશ્ચર્ય વચ્ચે બાળક બેઠો થયો પગે લાગ્યો અને બોલ્યો હે નારદ, મહર્ષિ ! હજુ આપ આ જ પ્રશ્નનો જવાબ પૂછો છો, મને ઓળખ્યો ? નારદે કહ્યું ઓળખવાનો સવાલ જ પેદા થતો નથી. તે મને ઓળખ્યો તે જ આશ્ચર્ય છે બાળકે કહ્યું મેં આપનું ત્રણ વાર દર્શન કર્યું છે. પ્રથમ કીડાના રૂપે હું હતો ત્યાં આપનું દર્શન થયું. મારો તે જન્મ પૂરો થયો અને કાચંડના રૂપે પૂર્વના કર્મોને લીધે જન્મ્યો ત્યાં મને ફરી વાર આપ જેવા મહાન સંતના દર્શન થયાં અને મારી એ નીચ યોનીમાંથી મુક્ત થઈ બ્રાહ્મણના બારણે પોપટ રૂપે જન્મ થયો ત્યાં ત્રીજી વખત આપના દર્શનનો લાભ મળ્યો. અને મારો એ ફેરો પૂરો થયો. અને સૌથી ઉચ્ચ સ્થાન રાજાને ત્યાં બ્રાહ્મણ યોનીમાં આ બાળક તરીકે અવતર્યો.

શ્રી મદ્ ભગવત ગીતામાં કહ્યું છે તેમ **સુચિનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે.**

અર્થાત્ યોગભ્રષ્ટ આત્મા પવિત્ર અને ગર્ભશ્રીમંતો ને ત્યાં જન્મ લે છે. એમ મારો આ ઉચ્ચ યોનિમાં જન્મ થયો અને મને આપના દર્શન અને એથીયે વિશેષ આપની સાથે **સત્સંગ કરવા મળ્યો.** આથી હવે હું જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થઈ પ્રભુના ચરણોમાં સ્થાન પામીશ. આપ જેવા સંતના દર્શન અને એથીય વિશેષ સત્સંગ એતો ઈકોતેર પેઢીને તારે છે. ત્યારે નારદને સમજાયું કે ઓહો સત્સંગ પૃથ્વી પર જ કેમ ફળ આપે છે ? ભવભૂતિએ કહ્યું છે કે સતાં સદ્‌ભિઃ સંગઃ કથમ પિહિ પુણ્યેન ભવતિ અર્થાત્ સજ્જનોનું મહાપુરુષોનો સંગ કોઈક પુણ્યના બળે જ થાય છે. આથી જ ભર્તૃહરિએ નીતિશતકમાં કહ્યું છે કે સત્સંગતિઃ કથય કિં ન કરોતિ પુંસામ
અર્થાત્ સત્સંગગતિ માણસને શું નથી કરતી, શું નથી અપાવતી ? અસ્તુ.

-પ્રિ.ડૉ. બંસીધર એન. ઉપાધ્યાય

---

## લાગણી સભર અપીલ...

**દાન આપો દિલથી, દાતા બનો ભાવથી...**

**એકાઉન્ટ નામ :** સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત
**બેંક :** સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, **બ્રાન્ચ :** દાણાપીઠ બ્રાન્ચ (૦૧૬૯૮)
**એકાઉન્ટ નંબર :** 30121839092
IFS Code : SBIN0001698

# જ્ઞાનગંગાનો અવિરત વિમલ પ્રવાહ



(ગતાંકથી ચાલુ.) મારો પોતાનો સંબંધ તો ૬૦ વર્ષથી છે, પરંતુ મારો વધુ સહવાસ જ્યારે હું નવમા ધોરણમાં ભણવા માટે અમદાવાદ મુકામે આવ્યો ત્યારથી થયો. ગુજરાતા હાઈકોર્ટમાં 'એવન' સાયકલ લઈને જતા અને સાંજ પરત ઘરે આવતા. ઘરે થોડો ઘણો નાસ્તો કર્યા બાદ સ્વ. શ્રી મગનભાઈ બારોટની ઑફિસમાં કેસ તૈયાર કરવા જતા અને રાત્રિના બાર વાગ્યાથી પાલડીથી સાયકલ પર ઉસ્માનપુરા નિવાસસ્થાને આવતા અને ત્યારબાદ જ મીઠી નિંદ્રા માણતા હતા.

પાયજામો અને ઝભ્ભો કૉલેજકાળ દરમ્યાન પહેરતા અને કૉલેજકાળમાં શ્રી વિમલભાઈ દાઢીવાળા હતા. એક સોહામણો યુવાન, સુંદર ચેહેરો અને તેવી જ ઊંચાઈ, ઈશ્વરે ફુરસદથી સર્જન કરેલું યૌવન હતું. યૌવનકાળમાં તો, દિલીપકુમાર, દેવઆનંદ, રાજકપૂર અને જોય મુકરજી આદિ કલાકારો તેઓની સમક્ષ ઝાંખા પડી જાય તેવું વ્યક્તિત્વ હતું. ફક્ત હિન્દી ફિલ્મોમાં અદાકારી કરી હોત તો આજે વીતેલા દાયકાના કલાકારોમાં તેઓનું નામ ફિલ્મી દુનિયામાં ગુંજતુ હોત ! ખેર, પિતાજીની ઈચ્છા તબીબ બનાવવાની હતી, વ્યક્તિત્વ ફિલ્મી અદાકાર જેવું હતું (જમણે ગાલે લાખનું નિશાન, આજીવન ચહેરાને શોભાવતું રહ્યું) પરંતુ જીવ વકીલાતના વ્યવસાયને વધુ ન્યાય આપતો હોવાથી વકીલાત જ કર્મયોગ બન્યો. પણ વકીલાત સપ્તાહના પાંચ દિવસ કરતા અને બે દિવસ સમાજ માટે, સમાજસેવામાં આપતા. પોતાના જ્ઞાનનો લ્હાવો તેમના પ્રવચનોમાંથી તેમજ તેઓના હાથે લખાયેલ હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી લેખોમાંથી મળે છે.

કૉલેજકાળ દરમ્યાન પણ પૂ. મહાત્મા ગાંધીની સાબરમતીના કિનારે આવેલ 'ગાંધી આશ્રમ'મમાં હૃદયકુંજના ગાંધીજીના લેખો અને પત્રોનું સંપાદન કરતા હતા અને ગુજરાત છોડ્યું ત્યાં સુધી ચાલુ રાખ્યું હતું.

સમાજવાદી વિચારધારા ધરાવતા જયેષ્ઠ ભ્રાતા અનેક નેતાઓના પરિચયમાં આવ્યા અને મુખ્યત્વે સ્વ.શ્રી રામમનોહર લોહિયા, સ્વ. મધુ લિમયે, શ્રી જ્યોર્જ ફર્નાન્ડીઝ અને ભૂદાન-યાત્રાના સહયોગી સ્વ.પૂ. વિનોબા ભાવે અને સાથે સાથે કટોકટી સમય દરમ્યાન રાષ્ટ્રનેતા સ્વ.પૂ.શ્રી જયપ્રકાશ નારાયણના નજીકના સંપર્કમાં આવ્યા. કટોકટી સમય દરમ્યાન સ્વ. શ્રી જયપ્રકાશજીને કારાવાસ ભોગવવાનો આવ્યો ત્યારે સ્વ.શ્રી જયપ્રકાશજીનું સ્વાસ્થ્ય એકદમ નબળું પડી ગયું હતું અને જેલમુક્તિ જરૂરી હતી. આ સમયે તેઓની મુલાકાત થઈ, સુપ્રિમ કોર્ટમાં તેઓની તરફેણમાં સંઘર્ષ કરી પેરોલ (રજા) પર મુક્ત કરાવ્યા હતા.

સમાજવાદી વિચારધારા ધરાવનાર વકીલશ્રીએ સંયુક્ત સમાજવાદી પાર્ટી તરફી વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં મુખ્યત્વે નેતાગણ સાથે રહી પ્રચારનું કામ કર્યું અને ગુજરાતમાં અનેક જગ્યાએ જાહેરસભાઓ સંબોધી પ્રજાજનોને તેમના વકતવ્યથી મંત્રમુગ્ધ કરતા રહ્યા. સક્રિય વકિલાત ન કરી હોત તો ઉચ્ચકોટિના રાજકારણી બન્યા હોત અથવા તો રાજયના કે દેશના પ્રધાનમંડળમાં પ્રધાનપદુ શોભાવતા હોત.

જયેષ્ઠ ભ્રાતા સાહિત્ય, આધ્યાત્મિક અને સમાજરચનામાં વિશેષ રુચિ ધરાવતા હોઈ તેઓનું સાદગીભર્યું નિખાલસ જીવન સૌને તેઓ તરફ આકર્ષિત કરે છે. સુંદર મુખાકૃતિ જ્ઞાન અને સુશબ્દો, સંસ્કાર, વિવેક અને

સુવર્તન સિવાય શોભતી નથી. બાળકોને પ્રેમથી વહાલ કરે, યુવાનોને સારા શિક્ષણ અને કેળવણી માટે સંદેશ આપે, વડીલોનો આદર કરે તેવો જીવ આજદિન સુધી કર્તવ્યનિષ્ઠ, કર્તવ્યપારાયણ પરદુઃખ ભંજન અને નિઃસ્વાર્થી રહ્યો છે. 'ખાલી હાથ આયે થે ઔર ખાલી હાથ જાયેંગે' ફિલસૂફી જિંદગીમાં ભારોભાર પચાવી જાણી છે. જેથી વર્તમાન જીવન વિશેષ રીતે ચિંતામુક્ત પરેશાનીથી **જોજન દૂર રહ્યું છે. નિરોગી શરીર આજે પણ સૌને મોહિત કરે છે. આજીવન લાકડીનો ઉપયોગ કર્યો નથી અને વૃદ્ધાવસ્થામાં પણ લાકડીની જરૂર પડી નહિ.** કહેવાય છે કે 'વાડ વગર વેલો ચઢતો નથી.', પરંતુ જયેષ્ઠ ભ્રાતાનું જીવન સ્વનિર્મિત, સ્વનિર્ભર અને આદેશાત્મક રહ્યું છે. તેઓ પોતે જ પોતાના જીવનના શિલ્પી હતા.

વ્યવસાયી વકીલ પરંતુ શ્રેષ્ઠ વક્તા, શ્રેષ્ઠ સાહિત્યકાર, શ્રેષ્ઠ કવિ એ કુદરતની અમારા પરિવારને અર્પણ કરેલી બક્ષિસ અને અમારા પરિવારનું સૌંદર્ય છે. મહામૂલ્ય જીવનનો હાર્દ પચાવ્યો છે અને **સુંદર જીવન તેટલી જ સરળતાથી અને નિઃસ્વાર્થપણે જીવ્યા છે.** અમારી ભાવિ પેઢીના માર્ગદર્શક બન્યા છો. તેઓ વંદનીય છે, પૂજનીય છે. જીવન આશાઓ અને નિરાશાઓથી ઉભરાયેલું છે. જયેષ્ઠ ભ્રાતાની નિરાશા એક ઉત્તમ તબીબ ન થઈ શક્યા અને સ્વ. પૂ. પિતાજીની ઇચ્છા પરિપૂર્ણ ન કરી શક્યા તે હતી. ત્યારબાદ અમારા ભાઈશ્રી સ્વ. રશ્મિન દવે અને ૧૯૭૫માં રેલ્વે અકસ્માતમાં આકસ્મિક ગુજરી ગયા તે હતી. માતા-પિતા હયાત હતા અને અકસ્માતમાં ભ્રાતાનું દુઃખદ અવસાન તેઓ જીરવી શકે તેમ ન હતા. છતાં પણ દુઃખદ પળોમાં ખૂબ જ સંયમ રાખી પરિવારની સ્થિતિ સમજી, લાગણીઓને વશમાં રાખી, જીવનની દોર આગળ ધપાવી, સંપૂર્ણ પારિવારિક જવાબદારી પોતાના શિરે લીધી અને આજેય અમારો સંયુક્ત પરિવાર સંયુક્તપણે, ભાવિપેઢી સહિત ઋણી છે.

તેઓનાં નિજી જીવનમાંથી ઘણો જ બોધપાઠ અમારા પરિવારે લેવાનો છે અને સંતાનો પણ તેમના જીવનના સિદ્ધાંતો અપનાવશે તેવી આશા જીવંત છે. 'સચિન તેંડુલકર'જેવો તેઓનો પણ અમારા કુટુંબમાં વિક્રમ છે. સ્વ. મારા પૂ. પિતાશ્રી, મારા ત્રણેય કાકાશ્રીઓ ૬૫ વર્ષની ઉંમરે જ ગુજરી ગયા, **અને જયેષ્ઠ ભ્રાતાશ્રી આજે ૭૫ વર્ષ પૂર્ણ કરી શતક તરફ 'ચાન્સલેસ' ઈનિંગ્સ રમી રહ્યા છે અને શતક પણ પૂર્ણ કરશે એવી અમારી હાર્દિક શુભેચ્છા છે, અને ઈશ્વરને એક જ પ્રાર્થના કે ઈશ્વર તેઓને નિરોગી જીવન પસાર કરવાની તક આપી, સમાજસેવા, ન્યાયક્ષેત્રે તેમજ કેળવણીક્ષેત્રમાં મહામૂલ્ય સેવા અર્પિત કરવાની શક્તિ બક્ષી છે.**

વકીલાતના વ્યવસાયમાં અનેક પ્રકારના કેસોમાં હાઈકોર્ટ તેમજ સુપ્રિમકોર્ટમાં જીત હાંસલ કરી છે. વ્યવસાયમાં પૂરતું સન્માન પ્રાપ્ત કર્યું છે. **પક્ષકારોની સેવા કરવાની તક સાંપડી છે, પણ હકીકત** તો સ્વીકારવી જ રહી કે બહિર્મુખી ભ્રાતાશ્રીનું જીવન ઘણું જ શીખવે છે.

'જાયન્ટ્સ-રત્ન' શ્રી વિલમચંદ્ર વર્ષોથીજાયન્ટ્સ ઈન્ટરનેશનલ સંસ્થા સાથે સંકળાયેલા રહ્યા અને રાજીનામું આપ્યું તે પહેલાં સંસ્થાના ડેપ્યુટી વર્લ્ડ ચેરમેનપદે રહી ચૂક્યા છે. ૨૩ વર્ષો સુધી ઉપરોક્ત સંસ્થામાં સેવા પ્રદાન કરી પૂરા ભારતવર્ષમાં ફરી અનેક શિબિરો યોજી પ્રજાના હિતમાં કાર્યરત રહ્યા. શનિ-રવિની રજામાં દિલ્હી અને દિલ્હી બહાર જતા ઘણા સામાજિક સંસ્થાઓમાં મીટિંગ યોજી કાર્યકરો અને સંગઠનકર્તાઓને માર્ગદર્શન આપતા રહ્યા છે.

તેઓ બહુમુખી પ્રતિભા ધરાવે છે. 'સકલ પુરુષ' છે. હિન્દ મજદૂર કિસાન પંચાયતના માનદ પ્રમુખ હતા.

દિલ્હી ખાતેની ડી.એ.વી. એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ હતા. તેઓશ્રી 'નેશનલ અવેરનેસ ફોરમ'નું અધ્યક્ષપદ પણ શોભાવ્યું છે.

અનેક ઍવોર્ડસથી નવાજાયેલ જયેષ્ઠ ભ્રાતાશ્રીની પ્રતિભા 'અમેરીકન બાયોગ્રાફીક ઈન્સ્ટીટ્યૂટ' દ્વારા ૧૯૯૧માં પ્રગટ કરવામાં આવેલ 'ઈન્ટરનેશનલ ડિરેક્ટરી ડીસ્ટિંગ્વીશ્ડ્ લીડરશીપમાં નામ મૂકી પ્રમાણિત કરવામાં આવી હતી. આ ડિરેક્ટરીમાં પ્રતિવર્ષ વિશ્વમાં માત્ર છ હાજર વ્યક્તિઓને સન્માન આપવામાં આવે છે અને ૨૦૦૩માં આ સંસ્થા દ્વારા શ્રી દવેને 'મેન ઑફ ધી ઈયર' ઘોષિત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

દિલ્હીમાં સ્થાયી જીવનનો નિર્ધાર કર્યા બાદ 'દિલ્હી ગુજરાતી સમાજ'માં પણ લોકપ્રિય રહ્યા છે, જેના ભાગરૂપે ગુજરાતી સમાજના કારોબારીના સભ્યપદે તેમજ મંત્રીપદે પણ સેવાઓ પ્રદાન કરી ચૂક્યા છે. ગુજરાતી સમાજે સને ૨૦૦૦ ડીસેમ્બરમાં ગુજરાતની બહાર સેવાર્થે 'મિલેનિયમ એચીવમેન્ટ' ઍવોર્ડ આપ્યો હતો.

જયેષ્ઠ ભ્રાતાશ્રી અમારા શ્રીગૌડ સમાજનું ગૌરવ હતા. અને સમાજમાં પણ તેઓનું નામ સુવર્ણાક્ષરે લખાશે. સમાજનું મુખપત્ર ''શ્રીગૌડ જાગૃતિ'' જે હાલમાં મૃતપ્રાયઃ છે અને વર્ષો સુધી સમાજના સભ્યો વાંચતા રહ્યા હતા, જેના સંસ્થાપક સંપાદક તેઓશ્રી જ હતા.

અંતિમ ચરણમાં મારી કલમ એટલું જ કહી શકે કે 'ઈશ્વરીય અવતાર' સફળ પુરુષ, સફળ માનવી, સફળ સાહિત્યકાર, સફળ કવિ, સફળ નિબંધકાર, સહધર્મસહિષ્ણુ, જ્ઞાન અને કર્મયોગના આધારે ઈશ્વરના નજીકથી દર્શન કરનાર કર્મનિષ્ઠ બ્રાહ્મણ, પરિવારના મોભી, પરિવારને જીવનની સુખદ પળોનો આનંદ આપે છે. વર્તનથી, કાર્યથી, મૂકવાચક બનીને શ્રેષ્ઠ વક્તા તરીકે ઉત્તમ ધારાશાસ્ત્રી તરીકેની સેવાઓ આપતા, ભાવિ પેઢીને કંઈક નવું જ સર્જન કરવાની પ્રેરણા આપતા પ્રાણવાયુ હતા. હમણાં જ તેમની કલમે લખાયેલ ગ્રંથ 'Life as perceived' તેમના જીવનનો નિચોડ છે. અંગ્રેજીમાં લખાયેલ છે. અંગ્રેજી-ગુજરાતી શબ્દ કોષ લઈને બેસીએ તો જ વાંચી શકાય, તેવા શબ્દપ્રયોગો સામાન્ય વાચકો માટે કઠિન છે, જેથી પુસ્તકનો અનુવાદ ગુજરાતીમાં કરવો જ રહ્યો.

જીવનની ફિલોસોફી, ભગવાન કૃષ્ણે અર્જુનને ગીતા દ્વારા આપેલ સંદેશ જેવી છે, તે ફિલોસોફીને સ્વયં 'કલિયુગની ગીતા' કહું તો અસ્થાને નથી.

જ્ઞાન સાથે હાસ્ય, જ્ઞાન સાથે ચિંતન, જ્ઞાન સાથે ગમ્મત, અને ભ્રાતાશ્રીનું જ્ઞાન ગંગાના પવિત્ર પ્રવાહ જેવું પારદર્શક અને સ્વચ્છ હતું. જ્ઞાનમાં આચાર-વિચારોમાં કોઈ મલિનતા નથી. દુશ્મન સાથે મિત્રતા રાખી શકે તવો સૌમ્ય સ્વભાવ સૌને ઘણું ઘણું કહી દે છે.

મારા ૬૦ વર્ષના અનુભવમાં અને તેઓના સહવાસમાં ભ્રાતાશ્રીને ક્યારેય પણ ગંભીર મુખમુદ્રામાં નિહાળ્યા નથી અને સ્મિત, નિર્મળ જીવન, ધર્મસહિષ્ણુતા અને ભારોભાર માણસાઈના દીવા પ્રગટાવી જિંદગી, નિરાશ માનવને પણ આશાના કિરણોની ઝાંખી કરાવે છે.

અમારા પરિવારની તો લોહની સગાઈ છે, પણ અન્ય પરિવારોને પણ 'લોહીની સગાઈ' જેવા જ જીવનપર્યંત ગણતા આવ્યા છે. સાહિત્યનો અણમોલ વારસો, મોસાળપક્ષ તરફથી મળ્યો છે. સ્વ.પૂ. મામા ગાંધી વિચારધારાને વરેલા ઉચ્ચકોટિના કેળવણીકાર અને આધ્યાત્મિક પુરુષ હતા. અમારા જયેષ્ઠ બંધુ તેઓની સાથે

પણ વર્તમાન કેળવણી અને આધ્યાત્મિકતતતાના મુદ્દાઓ પર પરામર્શ કરતા હતા. જીવનની કોઈ પણ પળ નિરર્થક જવા દીધી નથી. આદર્શ માનવીનું આદર્શ જીવન તા.૧૯-૦૩-૨૦૧૨નાં રોજ ૭૫ વર્ષ પૂર્ણ કરી ચૂક્યા છે. લખતાં લખતાં કલમ વિરામ લેતી નથી, પણ વિરામ આપવો જ રહ્યો. મારા તરફથી અને મારા સમગ્ર પરિવાર તરફથી તેઓને કોટિ કોટિ પ્રણામ પાઠવીએ છીએ. પરિવારમાં એક જ બહેન છે. પૂ. મોટી બેન (નલિનીબેન) જેઓએ પણ ૭૭ વર્ષ પૂર્ણ કરી દિવંગત થયેલ છે.. એકમેકને મારા કરતાં પણ નજીકથી જાણે છે. એક સમયે, મારા જન્મપૂર્વે ગામડામાં રમતાં-વાતચીતો કરતાં બહાર પડેલા બાંકડાની શેતરંજી નીચે સર્પ સૂતો હતો અને બંને ભાઈ-બહેન તે સર્પ પર બેસી ગયા હતા. સર્પને પણ ભાઈ-બહેનનો પ્રેમ અણમોલ લાગ્યો હશે, સર્પ પણ છંછેડાયો નહીં, તો સામાન્ય વ્યક્તિ આવી મેધાવી પ્રતિભાને શીદને ભૂલી શકે !

ઉચ્ચ કોટિના માનવી, ઉચ્ચ કોટિના ભ્રાતા અને શ્રેષ્ઠ ભ્રાતૃત્વપ્રેમ ચક્ષુઓને હસાવે છે ! પ્રેમનો કઈ સ્વાદ નથી હોતો, પરંતુ આ મધુર અને મીઠો પ્રેમ મધુપ્રમેહ જેવા રોગને પણ જોજન દૂર રાખે છે.

ભ્રાતાશ્રીને ફરી મારા તરફથી તથા અર્ધાંગિની સૌ. રીતા અને મારા પુત્ર ચિ. જનમ દ્વારા કોટિ કોટિ પ્રણામ.

**'યા દેવી સર્વ ભૂતેષુ, આરોગ્યરૂપેણ સંસ્થિતા,**
**નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥'**

વસંત કાયમ વસંત બની રહે તેવી જ મારી ઈશ્વરને હૃદયપૂર્વક પ્રાર્થના.

'અસ્તુ.'

અનિલ એસ. દવે
એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ

## અભિનંદન....!



આપણા સમાજના ઉત્સાહી અને યુવાન તરવૈયા ક્રિકેટ કાર્નિવલના કન્વિનર શ્રી નિરવ પી. દવેએ સમાજની વેબસાઈટ બનાવવાની ભગીરથ કામગિરીનો પ્રારંભ કર્યો છે. જે કાર્યાન્વિત પણ થઈ ગઈ છે. જેમાં તેમના જીવન સંગીની રીમા દવેનો પણ અનન્ય ફાળો છે. આવા શ્રી દંપતીને અભિનંદન અને ધન્યવાદ સાથે શુભકામનાઓ.

- પ્રિ.ડૉ. બંસીધર એન. ઉપાધ્યાય

# તા. ૦૧-૧૦-૨૦૧૭ સુધીના આજીવન સભ્યનોની યાદી

| ક્રમ | નામ | તારીખ | રસીદ નં. | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧. | નિર્મળાબેન યોગેન્દ્રપ્રસાદ પાઠક | ૧૫-૦૯-૧૭ | ૧૧૦૯ | ૩૦૦ |
| ૨. | સંવેદન વિજય પંડ્યા | ૧૫-૦૯-૧૭ | ૧૧૧૨ | ૩૦૦ |
| ૩. | મિહિરભાઈ આર. પંડ્યા | ૧૫-૦૯-૧૭ | ૧૦૪૯ | ૩૦૦ |
| ૪. | ડૉ.પ્રકાશ પૂજારામ જોશી | ૧૫-૦૯-૧૭ | ૧૦૪૧ | ૩૦૦ |
| ૫. | મિતુલ દેવેન્દ્રપ્રસાદ બંડ્યા | ૧૫-૦૯-૧૭ | ૧૦૪૦ | ૩૦૦ |
| ૬. | જીગેશ કિરીટકુમાર જોષી | ૧૫-૦૯-૧૭ | ૧૦૩૮ | ૩૦૦ |
| ૭. | મનહરભાઈ પી. જોષી | ૧૦-૦૯-૧૭ | ૧૦૩૫ | ૩૦૦ |
| ૮. | વૃંદા કે. ઉપાધ્યાય | ૧૦-૦૯-૧૭ | ૧૦૩૬ | ૩૦૦ |
| ૯. | ભટ્ટ સતીષ કાંતિલાલ | ૦૬-૦૯-૧૭ | ૧૦૩૩ | ૩૦૦ |
| ૧૦. | જીગર બળવંતભાઈ પુરોહિત | ૦૬-૦૯-૧૭ | ૧૦૩૨ | ૩૦૦ |
| ૧૧. | જગદીશ કોદરલાલ ત્રિવેદી | ૦૬-૦૯-૧૭ | ૧૦૩૦ | ૩૦૦ |
| ૧૨. | ભાસ્કર શશીકાંત શુક્લ | ૦૬-૦૯-૧૭ | ૧૦૨૯ | ૩૦૦ |
| ૧૩. | દેન શૈલેષ પાઠક | ૦૬-૦૯-૧૭ | ૧૦૨૮ | ૩૦૦ |
| ૧૪. | ધ્વની શૈલેષ પાઠક | ૦૬-૦૯-૧૭ | ૧૦૨૭ | ૩૦૦ |
| ૧૫. | પરેશ રામલાલ ઉપાધ્યાય | ૦૬-૦૯-૧૭ | ૧૦૩૧ | ૩૦૦ |
| ૧૬. | શૈલેષ એન. પાઠક | ૦૬-૦૯-૧૭ | ૧૦૨૬ | ૩૦૦ |
| ૧૭. | મહેશ કાળીદાસ શુક્લ | ૦૬-૦૯-૧૭ | ૧૦૨૫ | ૩૦૦ |
| ૧૮. | પરેશ દેવેન્દ્રપ્રસાદ શુક્લ | ૦૬-૦૯-૧૭ | ૧૦૨૪ | ૩૦૦ |
| ૧૯. | વિજય બાલમુકુંદ પાઠક | ૦૬-૦૯-૧૭ | ૧૦૨૩ | ૩૦૦ |
| ૨૦. | પ્રદીપ બાલમુકુંદ પાઠક | ૦૬-૦૯-૧૭ | ૧૦૨૨ | ૩૦૦ |
| ૨૧. | જયેન્દ્ર લક્ષ્મીશંકર પાઠક | ૦૬-૦૯-૧૭ | ૧૦૨૧ | ૨૦૦ |
| ૨૨. | જયેશ ભાનુશંકર જોષી | ૦૬-૦૯-૧૭ | ૧૦૧૯ | ૩૦૦ |
| ૨૩. | ધર્મેન્દ્ર નવનીતલાલ દવે | ૦૫-૦૯-૧૭ | ૧૦૧૮ | ૩૦૦ |
| ૨૪. | ઋતવીજ રમણલાલ જોષી | ૦૬-૦૯-૧૭ | ૧૦૧૭ | ૩૦૦ |
| ૨૫. | પ્રદીપ વિષ્ણુપ્રસાદ પાઠક | ૦૬-૦૯-૧૭ | ૧૦૧૬ | ૨૦૦ |
| ૨૬. | ચંદ્રકાત ભાનુપ્રસાદ પાઠક | ૦૬-૦૯-૧૭ | ૧૦૧૫ | ૩૦૦ |
| ૨૭. | અંજના મનોજભાઈ પાઠક | ૨૧-૦૯-૧૭ | ૧૦૧૪ | ૧૦૦ |
| ૨૮. | નિલય મહેન્દ્રકુમાર દવે | ૨૨-૦૮-૧૭ | ૧૦૦૮ | ૨૦૦ |
| ૨૯. | રાજેષ મહેન્દ્રકુમાર દવે | ૨૨-૦૮-૧૭ | ૧૦૦૭ | ૩૦૦ |
| ૩૦. | નિમિષ જીતેન્દ્ર દવે | ૨૨-૦૮-૧૭ | ૧૦૦૬ | ૩૦૦ |
| ૩૧. | રાકેશ જીતેન્દ્રભાઈ દવે | ૨૨-૦૮-૧૭ | ૧૦૦૫ | ૩૦૦ |
| ૩૨. | દામીની મંયક પંડ્યા | ૨૦-૦૮-૧૭ | ૧૦૦૪ | ૩૦૦ |
| ૩૩. | ઉષાબેન શીલીનભાઈ શુક્લ | ૨૦-૦૮-૧૭ | ૧૦૦૩ | ૧૦૦ |
| ૩૪. | જૈનાબેન સંજયકુાર દેસાઈ | ૧૭-૦૭-૧૭ | ૧૦૦૧ | ૩૦૦ |
| ૩૫. | મુકુલનેય પ્રિયવદન પંડ્યા | ૧૫-૦૯-૧૭ | ૧૧૧૦ | ૩૦૦ |
| ૩૬. | હિતેશ જટાશંકર ભટ્ટ | ૧૫-૦૯-૧૭ | ૧૧૧૩ | ૩૦૦ |
| ૩૭. | વત્સલ અશોકકુમાર શુક્લ | ૦૧-૧૦-૧૭ | ૧૧૧૪ | ૩૦૦ |
| ૩૮. | સુનીલ ચંદ્રવદન પાઠક | ૦૧-૧૦-૧૭ | ૧૧૧૫ | ૩૦૦ |
| ૩૯. | દીલીપ કાશીનાથ શુક્લ | ૦૧-૧૦-૧૭ | ૧૧૧૬ | ૩૦૦ |
| ૪૦. | મૌલીન દિલીપ શુક્લ | ૦૧-૧૦-૧૭ | ૧૧૧૭ | ૩૦૦ |
| ૪૧. | પ્રમોદ રમણલાલ પંડ્યા | ૦૧-૧૦-૧૭ | ૧૧૧૮ | ૩૦૦ |
| ૪૨. | ઉમંગ પ્રમોદરાય પંડ્યા | ૦૧-૧૦-૧૭ | ૧૧૧૯ | ૩૦૦ |
| ૪૩. | વિશાલ નયનયંદ્ર પાઠક | ૦૧-૧૦-૧૭ | ૧૧૨૦ | ૩૦૦ |
| ૪૪. | સંજય એસ. ભટ્ટ | ૦૧-૧૦-૧૭ | ૧૧૨૧ | ૩૦૦ |
| ૪૫. | ચિરાગ કીરીટ જોષી | ૦૧-૧૦-૧૭ | ૧૧૨૨ | ૩૦૦ |
| ૪૬. | પ્રણવ હરીશચંદ્ર પંડ્યા | ૦૧-૧૦-૧૭ | ૧૧૨૩ | ૩૦૦ |
| ૪૭. | મુકેશ હરીશચંદ્ર પંડ્યા | ૦૧-૧૦-૧૭ | ૧૧૨૪ | ૩૦૦ |
| ૪૮. | ચેતન જગદીશચંદ્ર જોષી | ૦૧-૧૦-૧૭ | ૧૧૨૫ | ૩૦૦ |
| ૪૯. | ભૂપેન્દ્ર રસીકલાલ જોષી | ૦૧-૧૦-૧૭ | ૧૧૨૬ | ૩૦૦ |
| ૫૦. | અચલેશ જગદીશચંદ્ર પંડ્યા | ૦૧-૧૦-૧૭ | ૧૧૨૭ | ૩૦૦ |
| ૫૧. | સૌનક જગદીશચંદ્ર પંડ્યા | ૦૧-૧૦-૧૭ | ૧૧૨૮ | ૩૦૦ |
| ૫૨. | ગૌરાત્ર દેવેન્દ્ર પાઠક | ૦૧-૧૦-૧૭ | ૧૧૨૯ | ૩૦૦ |
| ૫૩. | રાજેષ મુકુંદરાય પુરોહિત | ૦૧-૧૦-૧૭ | ૧૧૩૦ | ૩૦૦ |
| ૫૪. | સંજય કે. શુક્લા | ૦૧-૧૦-૧૭ | ૧૧૩૨ | ૨૦૦ |
| ૫૫. | તારક કિરીટ દવે | ૦૧-૧૦-૧૭ | ૧૧૪૦ | ૩૦૦ |
| ૫૬. | રજનીકાંત ઉમાશંકર ઉપાધ્યાય | ૦૧-૧૦-૧૭ | ૧૧૪૪ | ૨૦૦ |
| ૫૭. | ભૃગુ હરિશભાઈ ભટ્ટ | ૦૧-૧૦-૧૭ | ૧૧૪૫ | ૩૦૦ |
| ૫૮. | મેહુલ રમેશચંદ્ર પંડ્યા | ૦૧-૧૦-૧૭ | ૧૧૪૬ | ૩૦૦ |
| ૫૯. | યતિન એ. પાઠક | ૦૧-૧૦-૧૭ | ૧૧૪૮ | ૩૦૦ |
| ૬૦. | પ્રદીપ ભાનુપ્રસાદ જોષી | ૦૧-૧૦-૧૭ | ૧૧૪૯ | ૩૦૦ |
| ૬૧. | ઉમેશ વાસુદેવ પંડ્યા | ૦૧-૧૦-૧૭ | ૧૧૫૦ | ૩૦૦ |
| ૬૨. | તરૂણ વાસુદેવ પંડ્યા | ૧૧-૧૧-૧૭ | ૧૨૧૨ | ૩૦૦ |
| ૬૩. | મિતુલ મહેન્દ્રકુમાર શુક્લ | ૦૫-૧૧-૧૭ | ૧૨૯૦ | ૩૦૦ |
| ૬૪. | અલ્પા જીજ્ઞેશ જોષી | ૧૨-૧૧-૧૭ | ૧૨૮૮ | ૩૦૦ |
| ૬૫. | દેવાંગ કે. પાઠક | ૦૫-૧૧-૧૭ | ૧૨૮૭ | ૩૦૦ |
| ૬૬. | ધર્મેશ કનૈયાલાલ શુક્લ | ૦૫-૧૧-૧૭ | ૧૨૮૬ | ૩૦૦ |
| ૬૭. | પ્રતિક જયોતિન્દ્ર દવે | ૦૫-૧૧-૧૭ | ૧૨૮૦ | ૩૦૦ |
| ૬૮. | આનંદપ્રકાશ પુરસોત્તમ જોષી | ૦૬-૧૦-૧૭ | ૧૨૮૧ | ૩૦૦ |
| ૬૯. | બિરેન અનંતરાય શુક્લ | ૧૦-૧૭ | ૧૦૭૯ | ૩૦૦ |
| ૭૦. | વિપુલ અનંતરાય શુક્લ | ૧૦-૧૭ | ૧૦૭૮ | ૩૦૦ |
| ૭૧. | ઉમંગ અનંતરાય શુક્લ | ૧૦-૧૭ | ૧૦૭૭ | ૩૦૦ |
| ૭૨. | કૌશિકકુમાર કરૂણાશંકર ભટ્ટ | ૧૦-૧૭ | ૧૦૭૫ | ૩૦૦ |
| ૭૩. | સૂર્યકાન્તા જ્ઞાનેશ્વર જોષી | ૧૦-૧૭ | ૧૦૭૬ | ૩૦૦ |

(વધુ ક્રમશઃ)

## મંગલ મંદિર ખોલો ... સદ્ગત આત્માઓને પ્રભુ શાશ્વત શાંતિ અપે.

(૧) સમાજના પ્રમુખશ્રી પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાયના પિતરાઈ ભાઈશ્રી અને ઉડાન સ્કૂલના ઓનર ભાઈશ્રી લોમેશ ઉપાધ્યાય તથા શ્રી નૃપેશ ઉપાધ્યાય (કોઠંબા)ના પિતાશ્રી નરેન્દ્રકુમાર પુરુષોત્તમ ઉપાધ્યાય કૈલાસવાસી થયા છે. દિવંગત આ ત્માને પ્રભુચીર શાંતી અર્પે તેવી પ્રાર્થના. ભાઈશ્રી લોમેશ ઉપાધ્યાય તરફથી શ્રદ્ધાંજલિ સ્વરૂપે રૂ.૧૦૦૦/- સમાજને અર્પણ કર્યા છે.

(૨) બ્રહ્મ કર્મચારી ટાઈમ્સના સહતંત્રી અને સમાજના અગ્રણી શ્રી મનહરભાઈ પી. જોશીના જયેષ્ઠ બંધુ જેઓનું આપણે ગૌરવ પુરસ્કાર-૧ થી સન્માનિત કર્યા હતા તે વેદ પારંગત શાસ્ત્રીશ્રી આનંદપ્રસાદ પી. જોશી (ઉમરેઠવાળા) હાલ વડોદરા પરલોક ગમને સિધાવ્યા છે. પ્રભુ દિવ્ય આત્માને ચીર શાંતી અર્પે. શ્રી નહરભાઈ તરફથી શ્રદ્ધાંજલિ સ્વરૂપે સમાજને રૂ. ૧૦૦૦/- અર્પણ કર્યા છે.

(૩) આપણા સમાજના કારોબારીના સભ્ય એડવોકેટશ્રી દિલીપભાઈ એન. પાઠકના માતુશ્રી સ્વ. શંકુન્તલાબેન એન. પાઠક, ભરૂચ ખાતે અક્ષરધામમાં સિધાવ્યાં છે. દિવ્યાત્માને પ્રભુ ચીર શાંતિ અર્પે. શ્રીબંધુ શ્રી દિલીપભાઈ પાઠક તરફથી શ્રદ્ધાંજલી સ્વરૂપે સમાજને રૂ. ૧૧૦૦/- અર્પણ કર્યા છે.

(૪) વડોદરા નિવાસી પ્રદિપકુમાર કનૈયાલાલ જોશી (રણધીકપુરવાળા)નું અવસાન થયેલ છે. પ્રભુ તેમને સદ્ગતિ આપે.

(૫) ઠાસરાના નિવાસી રાજેન્દ્રભાઈ ભાઈલાલભાઈ પુરોહિત નું દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે.

(૬) વડોદરા સ્થિત બાલમુકુન્દ મણિલાલ વ્યાસ, બાયડવાળાનું દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને ચીર શાંતિ અર્પે.

(૭) બાલાસિનોર સ્થિત પ્રવિણચંદ્ર કનૈયાલાલ ભટ્ટ, વનોડાવાળાનું દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને ચીર શાંતિ અર્પે.

(૮) ટિંબાનિવાસી ગં.સ્વ. કૈલાસબેન રસિકલાલ ઉપાધ્યાયનું દુઃખદ અવસાન થયેલ ચે. પ્રભુ તેમના આત્માને ચીર શાંતિ અર્પે.

(૯) ભગવતપ્રસાદ જેઠાલાલ પાઠક, વડોદરાનું દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે.

(૧૦) લુણાવાડા ૪૦ જ્ઞાતિના પ્રમુખ શ્રી હિતેષભાઈ મનહરલાલ દવેના સસરા શ્રી નરેન્દ્રપ્રસાદ ગંગાશકંર પાઠક(બાયડ) દેવલોક પામ્યા છે.

(૧૧) શ્રી દિપકભાઈ મુળશંકર દવે, મૂળ વતન શહેરા, અમદાવાદ નિવાસી દેવલોક પામ્યા છે.

(૧૨) શ્રી અશ્વિનભાઈ પુનમચંદ પુરોહિત (ડેસરવાળા) દેવલોક પામ્યા છે.

(૧૩) ધર્મિષ્ઠાબેન સુરેન્દ્રભાઈ શુક્લ દેવલોક પામ્યા છે.

(૧૪) શ્રી ત્રિભોવનદાસ (નટુભાઈ) સુખરામ પંડ્યા (અમદાવાદ) દેવલોક પામ્યા છે.

(૧૫) શ્રી ચંદ્રશંકર સુખરામ પંડ્યા (દેહદાતા) અમદાવાદ, દેવલોક પામ્યા છે.


(૧૬) સાડત્રીસ પક્ષના સોહિણીબેન પુષ્કરાય પંડ્યાનું વડોદરા મુકામે દેવલોક પામ્યા છે.

(૧૭) સાડત્રીસ પક્ષના રાજેન્દ્રભાઈ મણિલાલ ઉપાધ્યાય, મોટી ખડોલ મુકામે તા.૦૪-૦૧-૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.


(૧૮) સુરેન્દ્રરાય મનસુખરામ પાઠક મૂળ ઝાલોદ નિવાસી, કાલોલ મુકામે દેવલોક પામ્યા છે.

(૧૯) સ્વ. લાભશકંર સોમેશ્વર જોષી, વડોદરા, કૈલાસવાસી થયા છે.

### ભાવભીની શ્રદ્ધાંજલિ
### હૃદયસ્થ-પથદર્શક-પ્રેરણામૂર્તિ



**સ્વ. નરેન્દ્રભાઈ પી. ઉપાધ્યાય**
જ.તા.૦૭-૦૫-૧૯૪૭, નિર્વાણ તા.૦૧-૧૨-૨૦૧૭
**ગં.સ્વ. ભાનુબેન, લોમેશ, નૃપેશ, ગીતા અને જયશ્રી**
**તથા ઉપાધ્યાય પરિવારની ભાવાંજલિ**



**સ્વ. આનંદપ્રસાદ પી. જોશી**
જ.તા.૨૫-૦૭-૧૯૩૨, નિર્વાણ તા.૦૧-૦૧-૨૦૧૮
**ગં.સ્વ. સુશીલાબેન, નરેશ, રાજેન્દ્ર, કંદર્પ, જયદીપ, સંજય**
**તથા જોષી પરિવારની ભાવાંજલિ**



**સ્વ. શંકુન્તલાબેન એન. પાઠક , ભરૂચ**
જ.તા.૧૦-૦૫-૧૯૩૧ , નિર્વાણ તા.૦૨-૦૧-૨૦૧૮
**દિલીપભાઈ એન. પાઠક**
**પાઠક અને શુક્લ પરિવારની ભાવાંજલિ**

# શ્રીગૌડ સાડત્રીસ સમાજ

શ્રીગૌડ સાડત્રીસ સમાજનો ૨૭મો ઈનામ વિતરણ તથા સન્માન સમારંભ તથા. ૨૪-૧૨-૨૦૧૭ ને રવિવારના રોજ બોરસદ મુકામે યોજાઈ ગયો. આ સમારંભમાં સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના પ્રમુખ **પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાય** સમારંભના પ્રમુખ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્ઞાતિબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવ્યો હતો.

સવારે સાંસ્કૃતિક કાર્યક્રમથી સમારંભની શરુઆત થઈ ત્યારબાદ શ્રી વનિતાવૃંદ (સમાજની મહિલા શાખા) દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ રજુ કરવામાં આવી ત્યારબાદ **શ્રીમતી ભગવતીબેન પ્ર.જોષી અમૃત પર્વ ટ્રસ્ટ** દ્વારા સમાજની બહેનોનું માતૃવંદના કાર્ય ક્રમ હેઠળ સન્માન કરવામાં આવ્યું.

આ સમારંભમાં સમાજની વાર્ષિક સાધારણા સભાની કાર્યવાહી સમાજના મંત્રી દ્વારા કરવામાં આવી. જેમાં હિસાબો તથા નવા કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ બપોરે ૧.૦૦ વાગ્યે સૌ જ્ઞાતિબંધુઓએ સમુહ ભોજન લીધું. ત્યારબાદ બપોરે બીજું સત્ર ૨.૦૦ વાગે શરુ કરવામાં આવ્યું. જેમાં સમાજના ૧૪૫ તેજસ્વી તારલાઓનું સન્માન, સમાજના ૭૫થી ઉપના ૯ વડીલોનું સન્માન તથા દરવર્ષે જેમ આ વર્ષ પણ સમાજના અલગ અલગ વ્યવસાય સાથે જોડાયેલ વ્યક્તિઓના સન્માન અંતર્ગત સમાજના ૧૮ વકીલોનું સન્માન કરવામાં આવ્યું. આ સમારંભ શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના **પ્રમુખશ્રી પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય, મુખ્યમહેમાનશ્રી હેમંતભાઈ જે. પંડ્યા(મામલતદાર), અતિથિ વિશેષ શ્રી વિનોદભાઈ એન. પંડ્યા (શ્રોફ) તથા શ્રી સુરેશભાઈ પી. પટેલ (પ્રમુખ, સૂર્યમંદિર-બોરસદ), સમાજના પ્રમુખ શ્રી અનિલભાઈ સી. દિક્ષીત તથા ઉપપ્રમુખશ્રી વિભાકરભાઈ વ્યાસ, ડૉ. અતુલભાઈ જોષી, શ્રી દિલીપભાઈ પાઠક,** તથા કારોબારીના સભ્યો અને સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના **મંત્રીશ્રી કૌશિકભાઈ પાઠક, શ્રી જયંતિભાઈ જોષી, ઉપપ્રમુખ શ્રી કુમુદચંદ્ર દવે** તથા સમસ્ત સમાજના કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

આ સમારંભની સફળતામાં સમાજના દરેક કારોબારી સભ્યો, ઈનામ વિતરણ કમીટીના સભ્યો **શ્રી ડૉ. પ્રશાંતભાઈ જોષી, શ્રી અજીતભાઈ ઉપાધ્યાય, કોષાધ્યક્ષ શ્રી જૈમિનભાઈ પંડ્યા** વગેરેની જહેમતને આભારી છે. સમારંભનું સંચાલન કરનાર **શ્રી યોગેશભાઈ પંડ્યા તથા ગાર્ગીબેન પંડિત** ઉપરાંત, સમાજમાં દાન આપનાર દાનવીરો તો હોય છે. પરંતુ શ્રેય તો સમારંભના કન્વીનર **શ્રી વિભાકરભાઈ વ્યાસ, શ્રી દર્શનભાઈ પંડ્યા** તથા બોરસદના સર્વે સભ્યોને જાય છે. જેથી આ સમારંભ એક યાદગાર સમારંભની યાદી સામેલ થયેલ છે. આ પ્રસંગે ઉપસ્થિત સૌ જ્ઞાતિબંધુઓએ તથા આમંત્રિત મહેમાનોએ સમાજમાં યથાશક્તિ ફાળો(દાન) આપી સમાજને આર્થિક રીતે સદ્ધર કરવાનો પ્રયત્ન કરેલ છે. તે બદલ અમો તેઓના પણ આભારી છીએ. આ કાર્યક્રમમાં જ્ઞાતિના અમદાવાદ, નડિયાદ, વડોદરા, પેટલાદ, કાવિઠા વગેરે જગ્યાએથી મોટી સંખ્યામાં હાજર રહી સમાજનું ગૌરવ વધારેલ છે. આ પ્રસંગે **સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના પ્રમુખશ્રી પ્રિ.ડૉ.બંસીધર એન. ઉપાધ્યાયે** રૂ. ૫૦૦૦/- આપી સંસ્કૃતમાં સંબોધન કરી મનનીય પ્રવચન આપી સર્વેને મંત્રમુગ્ધ કર્યા હતા.

- શ્રી કિરણભાઈ દવે, મહામંત્રી, શ્રીગૌડ સાડત્રીસ સમાજ








# પ્રથમ ક્રિકેટ પ્રિમિયર લીગ -૨૦૧૭ (SSPL)

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના નેજા હેઠળ તથા **પ્રમુખશ્રી પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાય**ના માર્ગદર્શન તેમજ સ્વૈચ્છીક દાતાઓના યોગદાન થકી, સૌપ્રથમ સમાજના યુવાનો-વરિષ્ઠ યુવાનો જાગૃત થયા અને પરિણામ સ્વરુપ, તા.૩૧-૧૨-૨૦૧૭ના રોજ એક ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું સમગ્ર રમત શ્રી જી.બી.પટેલ કોલેજ ઓફ ફિઝીકલ એજ્યુકેશન હાથીજણ અમદાવાદના મેદાનમાં રમાઈ. ટુર્નામેન્ટ માં ભાગ લેનાર, સમાજના ખેલાડીઓના વયજૂથ પ્રમાણે બે ગ્રુપ બનાવવામાં આવ્યા જે પૈકી, વર્ષ ૧૮ થી ૩૪ અને ૩૫ થી ૬૫ સુધીના વયના સમાવેશ થકી જ ટીમ બનાવવામાં આવી.જેના કપ્તાન હતા, અનુક્રમે **(૧) શ્રી દિગીશ દવે (૨) પ્રા.શ્રી ડૉ. અલ્પેશ ઉપાધ્યાય (૩૫થી૬૫ વયજૂથ) અને (૩) શ્રી વિરલ ઉપાધ્યાય (૪) શ્રી વંદન વ્યાસ (૧૮થી૩૪ વયજૂથ).**

ખેલદિલી ના વાતાવરણમાં રમાયેલ ૪ મેચ રસપ્રદ અને ઉત્તેજના પ્રેરીત રહી. રમતના અંતે વિજેતા ટીમ (૧૮થી૩૪ વર્ષ વયજૂથ) ના કપ્તાન શ્રી દિગીશ દવે ને ટીમ વિજેતા ટ્રોફી પ્રમુખશ્રીએ પ્રદાન કરી પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કર્યા. વળી પ્લેયર ઓફ ધી મેચ ના વિજેતા સર્વ શ્રી મિત ભટ્ટ (વયજૂથ ૧૮થી૩૫ વર્ષ) અને શ્રી ચિરાગ પાઠક (વયજૂથ ૩૫થી૬૫ વર્ષ) ને પણ પ્રમુખશ્રીએ ટ્રોફી એનાયત કરવામાં આવી. અને રમતમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને પ્રમાણ પત્રથી નવાજવામાં આવ્યા. વળી કોમેન્ટેટર તરીકે શ્રી બધું શ્રી જીગર દવે તથા ચંદ્રેશ અગ્નિહોત્રી એ પણ બિરાદવા લાયક માનદ સેવા આપી.

અન્ય વ્યવસ્થા પણ સરાહનીય હતી. જેમકે ડીજે સાઉન્ડ સિસ્ટમ થકી લાઈવ કોમેન્ટરીનું પ્રસારણ, સ્કોરર શ્રી કુશ પટેલ તથા એમ્પાયર સર્વ શ્રી ધાર્મિક ઠક્કર અને વિજય ગોસાઈની પ્રોફેશનલી તટસ્થ ભૂમિકા મેદાન ઉપરની તથા અન્ય સુવિધા પણ પ્રશંશનીય હતી. સવારનો નાસ્તો, બપોરનું ઊંધીયુ, જલેબી, કઢી, પુલાવનું ભોજન, સાંજનો નાસ્તો સ્વાદિષ્ટ તેમજ મનભાવના હતી.અને કો-ઓડિનેટર-(મેન્જમેન્ટ) શ્રી કુમુદચંદ્ર દવેનું સંચાલન ચીર સ્મરણિય રહેશે.

સમગ્ર રમતોત્સવ દરમિયાન **પ્રમુખશ્રી પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય, ઉપ-પ્રમુખ સર્વ શ્રી કુમુદચંદ્ર દવે, ભરતભાઈ શુક્લ હરીન્દ્રભાઈ પાઠક, પંકજભાઈ શુક્લ, મંત્રી સર્વશ્રી કૌશિકભાઈ પાઠક, જયંતભાઈ જોષી, આંતરિક ઓડિટર શ્રી કિરણભાઈ મહેતા, અને કારોબારી સદસ્ય સર્વશ્રી દક્ષેશ ભાઈ પુરોહિત દીપકભાઈ શુક્લ, જીજ્ઞેશભાઈ પંડિત, યોગેશભાઈ શુક્લ,** વગેરેએ ઉપસ્થિત રહી આનંદ મેળવ્યો અને ખેલાડીઓને પ્રોત્સાહન કર્યા. તમામ ઉપસ્થિત શ્રી બંધુઓ ભગિનિઓ અને ખેલાડીઓ એક સુખદ લાગણી પ્રદર્શિત કરતાં સૂચવ્યું કે આવી અન્ય લાભપ્રદ પ્રવૃત્તિઓ નું અવારનવાર આયોજન થાય તે








ટ્રસ્ટ રજી. નં. ઈ-૭૨૮૩
AMC રજી.નં. PIEL ૪૧૬૨૩

ફોન : ૦૭૯-૨૬૬૦૪૧૩૪
મો. : ૯૮૭૯૭૯૪૧૩૪
૯૮૭૯૬૦૪૧૩૪

V.M.B.
Estd. 1995

॥ શ્રી ગણેશાય નમઃ ॥
**વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ,**
**અમદાવાદ સંચાલિત**

# વિધાતા મેરેજ બ્યુરો

૧૯૯૫ થી અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ,
ડીગ્રીધારક, મેડીકલ, એન્જિનિયરિંગના ઉચ્ચ શિક્ષિત ભારતના,
વિદેશના એન.આર.આઈ. માટેના જીવનસાથી પાત્રો
૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઈઝ લગ્ન સંસ્થા

અપરણિત, છૂટાછેડા, વિધવા, વિધુર, સિનીયર સીટીઝન
સફેદદાગ, વિકલાંગ, શારીરિક ક્ષતિ, મુકબધિર, પ્રજ્ઞાચક્ષુ
એચ.આઈ.વી., એન.આર.આઈ. યુવક-યુવતિના લાયક
અને યોગ્ય જીવનસાથી પાત્રોની
આપની પસંદગી મુજબ ઈચ્છાનુસાર મેરેજ ન થાય
ત્યાં સુધી કોન્ટેક્ટ કરાવી આપવામાં આવે છે.

**૧૦, સેલર, વિજય કોમ્પ્લેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે,**
**વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.**


**સમય : ૧૦ થી ૮, રવિવારે ૧૦ થી ૧, જાહેર રજાએ ચાલુ.**

**Website : http://www.vidhatamarraige.com**
**Email : contact@vidhatamarriage.com**

**લગ્ન સ્વર્ગમાંથી રચાય છે, તેમની જોડી 'વિધાતા' યોગ્ય સમયે મેળવી આપે છે, તેમાં પુરુષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની વિધાતા પણ છૂટ આપે છે.**

**હસમુખ જોષી**
M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર

**દિના જોષી**
M.A.,LL.B.
મેનેજર




**પ્રકાશક અને મુદ્રક :**
**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી**
**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
**સી-૨૧૨, દેવઓરમ, મારૂતિનંદન કાઠિયાવાડી હોટલની પાછળ,**
**આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ**
email ID : shrigaudjagruti@gmail.com
**ફોન : ૦૭૯-૨૬૬૪૧૦૨૮, મોબાઈલ : ૯૮૨૪૪૦૬૩૮૧ (પ્રમુખશ્રી)**
**આજીવન સભ્ય ફી રૂ. ૨૦૧/- પતિ-પત્ની સાથે રૂ. ૩૦૧/-**
**પરદેશમાં રૂ. ૨૫૦૦/-**

બુક-પોસ્ટ

પ્રતિ